# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,ખડીયા,
જુનાગઢ–૩૬૨૨૬૩,ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેકસ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
વેબસાઈટ: http://www.bknmu.edu.in ઈમેઈલ : info@bknmu.edu.in


પ્રતિ
**સંચાલકશ્રી/આચાર્યશ્રી**
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સલંગ્ન કોલેજો/સંસ્થાઓ/અનુસ્નાતક ભવનો

**વિષય :- ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના દ્વિતીય યુથ-ફેસ્ટીવલ "અવસર-૨૦૧૮" અંગે**

આદરણીય,

ભક્ત કવિ નરસિંહ મહેતાના પુણ્ય નામ સાથે જોડાયેલ યુનિવર્સિટીએ માત્ર ત્રણ જ વર્ષના ટૂંકા ગાળામાં યુનિવર્સિટી તરીકે શૈક્ષણિક જગતમાં અનેરી અને આગવી છાપ ઉભી કરેલ છે. ચાલુ વર્ષે યુનિવર્સિટી ખાતે નવા ૨ ભવનો શરૂ કરી કુલ ૫ ભવનો સાથે ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ઉન્નત શરૂઆત કરેલ છે. વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા તેમજ તેમનાં સર્વાંગી વિકાસ માટે રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવુત્તિઓ અવિભાજ્ય અંગ હોય છે. ભક્ત કવિ નરસિંહ મહેતાના નામ સાથે જોડાયેલ યુનિવર્સિટીની સલંગ્ન કોલેજો/સંસ્થાઓ ખાતે ભણતા વિદ્યાર્થીઓમાં કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતા સાહજિક હોય છે. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા પ્રથમ યુથ ફેસ્ટીવલ "અવસર-૨૦૧૮" ની ભવ્ય સફળતા બાદ આ વર્ષે **યુનિવર્સિટીના દ્વિતીય યુથ-ફેસ્ટીવલ"અવસર-૨૦૧૮"** આગામી તારીખ ૮ અને ૯ ઓક્ટોબર ૨૦૧૮ દરમ્યાન નોબલ ગૃપ ઓફ ઇન્સ્ટીટ્યુશન્સ, જૂનાગઢના યજમાન પદે યોજવામાં આવનાર છે.

યુથ ફેસ્ટીવલ "અવસર-૨૦૧૮"નાં સફળ સંચાલન માટે નીચે મુજબની સમિતિઓનું ગઠન કરવામાં આવેલ છે.

| સંચાલન સમિતિ | વ્યવસ્થાપન સમિતિ | લવાદ સમિતિ |
|---|---|---|
| ➢ પ્રો.(ડો.) સી.એન. ત્રિવેદી | ➢ પ્રા.પ્રતિક મોરી | ➢ ડો. એમ.એચ.સોની |
| ➢ ડૉ. ચેતનાબેન પાણેરી | ➢ પ્રા.ભાવેશ ધોરાજીયા | ➢ ડો. જનકભાઈ જોશી |
| ➢ ડૉ. રમેશ મહેતા | ➢ પ્રા.જય તલાટી | ➢ ડો.એચ.ડી.ઝનકાટ |
| ➢ ડૉ. ઋષિરાજ ઉપાધ્યાય | | |
| ➢ પ્રા. અનીતાબા ગોહિલ | | |

ઓલ ઇન્ડિયા યુનિવર્સિટીનાં (AIU) નિયમો અનુસાર આ સ્પર્ધાઓ જુદા જુદા પાંચ વિભાગો સંગીત, નૃત્ય, સાહિત્ય, નાટ્ય અને સર્જનાત્મકતા એમ પાંચ વિભાગોમાં વહેચાતી હોય છે. જેમાં રસ ધરાવતી સંસ્થાઓ પાસે નિયત સમયમાં નીચે મુજબની સ્પર્ધાઓ માટે સાથે જોડેલ નિયમોની પુસ્તિકાનો અભ્યાસ કરી નિયત ફોરમેટમાં એન્ટ્રી મંગાવવામાં આવે છે.

# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,ખડીયા,
જુનાગઢ–૩૬૨૨૬૩,ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
વેબસાઈટ: http://www.bknmu.edu.in ઈમેઈલ : info@bknmu.edu.in


| ક્રમ | કૃતિ /સ્પર્ધા | વિદ્યાર્થી સ્પર્ધકોની સંખ્યા | સહાયકોની સંખ્યા | સમય (મીનીટ) |
|---|---|---|---|---|
| | | **સંગીત વિભાગ** | | |
| ૧ | શાસ્ત્રીય કંઠ્ય સંગીત | ૧ | ૨ | ૧૦ |
| ૨ | શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ વાદ્ય) | ૧ | ૨ | ૧૦ |
| ૩ | શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વર વાદ્ય) | ૧ | ૨ | ૧૦ |
| ૪ | પશ્ચિમી વાદ્ય સંગીત (વ્યક્તિગત) | ૧ | ૨ | ૮ |
| ૫ | હળવું કંઠ્ય સંગીત (વ્યક્તિગત) | ૧ | ૨ | ૬ |
| ૬ | પશ્ચિમી કંઠ્ય સંગીત (વ્યક્તિગત) | ૧ | ૨ | ૬ |
| ૭ | સમૂહગીત (ભારતીય) | ૬ | ૩ | ૧૦ |
| ૮ | સમૂહગીત (પશ્ચિમી) | ૬ | ૩ | ૧૦ |
| ૯ | ભજન | ૧ | ૨ | ૭ |
| ૧૦ | દુહા-છંદ | ૧ | ૨ | ૫ |
| ૧૧ | લોકગીત | ૧ | ૨ | ૭ |
| ૧૨ | લોક વાદ્ય સંગીત | ૯ | ૩ | ૧૦ |
| ૧૩ | નરસિંહ મહેતા પદ ગાન | ૧ | ૩ | ૫ |
| | | **નૃત્ય વિભાગ** | | |
| ૧૪ | લોક નૃત્ય/આદિવાસી નૃત્ય/પ્રાચીન રાસ | ૧૦ | ૫ | ૧૦ |
| ૧૫ | શાસ્ત્રીય નૃત્ય | ૧ | ૩ | ૧૫ |
| | | **સાહિત્ય વિભાગ** | | |
| ૧૬ | પ્રશ્ન મંચ | ૩ | ૦ | ૦ |
| ૧૭ | વકતૃત્વ કળા | ૧ | ૦ | ૫ |
| ૧૮ | ડીબેટ | ૨ | ૦ | ૫ |
| | | **નાટ્ય વિભાગ** | | |
| ૧૯ | એકાંકી | ૯ | ૩ | ૩૦ |
| ૨૦ | લઘુ નાટક | ૬ | ૩ | ૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | મુક અભિનય | ૬ | ૨ | ૫ |
| ૨૨ | મિમિક્રી | ૧ | ૦ | ૫ |
| | લલિત કલા અને સર્જનાત્મકતા વિભાગ | | | |
| ૨૩ | તત્કાલ ચિત્ર સ્પર્ધા | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૪ | રંગોળી | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૫ | કોલાઝ | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૬ | પોસ્ટર મેકિંગ | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૭ | કાર્ટુનીંગ | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૮ | કલે મોડેલીંગ | ૧ | ૦ | ૧૫૦ |
| ૨૯ | તત્કાલ છબી કલા | ૧ | ૦ | ૧૫૦ |
| ૩૦ | મેહંદી | ૧ | ૦ | ૧૫૦ |
| ૩૧ | કલા યાત્રા<br>યુથ ફેસ્ટીવલના ઉદઘાટન પ્રસંગે કલા યાત્રા પ્રસ્થાન થશે, જેમાં કોઈ થીમ પર કોલેજ/સંસ્થાના વિદ્યાર્થીઓ પ્રસ્તુતિ કરશે. સંખ્યાની કોઈ મર્યાદા નથી. | | | |

1. એન્ટ્રી ફોર્મસ, માહિતી પુસ્તિકા તેમજ અન્ય આનુસંગિક માહિતી વેબસાઈટ પર અપલોડ કરેલ છે જેનો સંપૂર્ણ અભ્યાસ કરી વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી ભરાયેલ એન્ટ્રી ફોર્મસ તા. ૨૦-૦૯-૨૦૧૮ સુધીમાં રૂપિયા ૫૦૦ એન્ટ્રી ફી સાથે નોબલ સાયન્સ કોલેજ, નોબલ ગ્રુપ ઓફ ઇન્સ્ટીટ્યુશન્સ, ભેસાણ રોડ, બામણ ગામ, જૂનાગઢ (ભાવેશ ધોરાજીયા , મો- ૦૯૭૨૩૨ ૯૯૧૪૩) ખાતે રજુ કરી દેવાના રહેશે, ત્યારબાદ આવેલ એન્ટ્રી ધ્યાન પર લેવામાં આવશે નહિ.
2. અધુરી માહિતી વાળા માહિતી ફોર્મ અને એન્ટ્રી આપોઆપ રદ ગણાશે.
3. દરેક સંસ્થાઓએ ઓછામાં ઓછા એક અને વધુમાં વધુ ૩ ટીમ મેનેજરોની નિમણૂક કરવાની રહેશે,
4. એક વિદ્યાર્થી સ્પર્ધક વધુમાં વધુ ૩ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
5. તમામ સ્પર્ધાઓમાં માત્ર ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી, જૂનાગઢ ખાતે નોંધાયેલ વિદ્યાર્થીઓ જ ભાગ લઇ શકશે.
6. યુથ-ફેસ્ટીવલ સ્પર્ધાત્મક હોય જે સ્પર્ધા માટે ૩ થી ઓછી એન્ટ્રી આવશે તે સ્પર્ધા આપોઆપ રદ થશે.
7. નૃત્ય વિભાગની સ્પર્ધાઓમાં ફિલ્મી ગીતો કે અન્ય રેકર્ડ/સીડી પર નૃત્ય રજૂ કરી શકાશે નહિ.

# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,ખડીયા,
જુનાગઢ–૩૬૨૨૬૩,ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેકસ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
વેબસાઈટ: http://www.bknmu.edu.in ઈમેઈલ : info@bknmu.edu.in


8. યુથ ફેસ્ટીવલ "અવસર-૨૦૧૮ " ના આયોજન તેમજ અન્ય સુચનાઓ માટે દરેક સંસ્થઓના ટીમ મેનેજરોની મિટિંગ તા. ૨૯-૦૯-૨૦૧૮ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે નોબલ સાયન્સ કોલેજ, નોબલ ગ્રુપ ઓફ ઇન્સ્ટીટ્યુશન્સ, ભેસાણ રોડ, બામણ ગામ, જૂનાગઢ ખાતે રાખેલ છે.
9. પ્રત્યેક સંસ્થાએ સ્પર્ધકોનો અને સાથે આવનાર ટીમ મેનેજરના આવવા-જવાનો ખર્ચ સ્વયં ભોગવવાનો રહેશે.
10. યજમાન સંસ્થા તરફથી ટોકન દરે સ્પર્ધકો માટે ભોજન વ્યવસ્થાં કરવામાં આવશે. આ સંદર્ભે ટીમ મેનેજરોએ તા:૨૯/૯/૨૦૧૮નાં રોજ સ્પર્ધકોની સંખ્યાની નોંધ કરાવી ભોજન પાસ મેળવી લેવાના રહેશે.
11. ભાઈઓ તથા બહેનોની રહેવા માટેની અલગ-અલગ વ્યવસ્થા યજમાન સંસ્થા તરફથી કરવામાં આવશે.
12. યુથ ફેસ્ટીવલ દરમિયાન જો કોઇ સ્પર્ધક કે સંસ્થા અશિસ્તનું આચરણ કરશે, અશોભનિય વર્તન કરશે કે અવ્યવસ્થા ઊભી કરવાનો પ્રયાસ કરશે તો તેવા સ્પર્ધક કે સંસ્થા સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તે અંગે અલગથી સ્પષ્ટતા કરવામાં આવી છે.
13. ટીમ મેનેજરો અને સ્પર્ધકોએ પોતાનું આઈ-કાર્ડ સાથે રાખવું જે સ્પર્ધાનાં સમયે સબંધિત અધિકારીને બતાવવાનું રહેશે.
14. યુથ ફેસ્ટીવલ સ્પર્ધા શરૂ થતાં પહેલાં કે સ્પર્ધા શરૂ હોય ત્યારે કોઇપણ પ્રકારના વિરોધ-વાંધા હોય તો જે તે સંસ્થાના ટીમ મેનેજરે ડિપોઝીટના રૂ ૫૦૦.૦૦(પાંચસો રૂપીયા) ભરી લેખીતમાં પોતાની રજૂઆત કરવાની રહેશે.જેનો ઉકેલ લવાદ સમિતિ દ્વારા કરવામાં આવશે.
15. યુથ ફેસ્ટીવલ "અવસર-૨૦૧૮" માં પ્રથમ, દ્રિતીય અને તૃતીય આવનાર સંસ્થાઓને અનુક્રમે ચેમ્પીયનશીપ, ફર્સ્ટ રનર્સ અપ અને સેકન્ડ રનર્સ અપ જાહેર કરવામાં આવશે જેનું ગુણાંકન નીચે મુજબ થશે..

| સામુહિક સ્પર્ધાઓ | | | વ્યક્તિગત સ્પર્ધાઓ | |
|---|---|---|---|---|
| પ્રથમ | ૧૦ પોઈન્ટ | | પ્રથમ | ૦૫ પોઈન્ટ |
| દ્રિતીય | ૦૫ પોઈન્ટ | | દ્રિતીય | ૦૩ પોઈન્ટ |
| તૃતીય | ૦૩ પોઈન્ટ | | તૃતીય | ૦૧ પોઈન્ટ |

**ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી**
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,ખડીયા,
જુનાગઢ–૩૬૨૨૬૩,ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
વેબસાઈટ: http://www.bknmu.edu.in ઈમેઈલ : info@bknmu.edu.in

16. અન્ય કોઈ સવિશેષ માહિતી અને માર્ગદર્શન માટે cultural.bknmu@gmail.com ઉપર ઈ-મેઈલ દ્વારા અથવા પ્રો. (ડો.) સી.એન.ત્રિવેદી- કોર્ડિનેટર, કલ્ચરલ સેલ - ભક્તકવિ નરસિંહ મેહતા યુનિવર્સિટી,જૂનાગઢનો સંપર્ક ૦૯૭૨૫૨૫૧૪૨૪ કરવો.
17. વધુ વિગતો હવે પછી સમયાન્તરે વેબસાઈટ પર મુકવામાં આવશે જેની નોંધ લેવી.

ઈ.ચા. રજીસ્ટ્રાર
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

નં. : બીકેએનએમયુ/રજી. /૬૨૩/૨૦૧૮–૧૯

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.

તા. ૦૭/૦૯/૨૦૧૮

**પ્રતિ,**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ / પી.જી. સેન્ટર/ભવનોના વડાશ્રીઓ તરફ

**નકલ સાદર રવાના :–**

૧. માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી

૨. કોર્ડીનેટર, કલ્ચરલ સેલ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**

૧. આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)